સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

નર્મદાજી નહીં, ગુજરાતનો આનંદ છલકે છે!
દરેક ગુજ્જુના ચહેરે સુખ-સમૃદ્ધિ મલકે છે!
મલકે છે મોદી-ગૌરવ, ઉભરાય હર્ષનાં આંસુ -
રહી નથી સીમા સાફલ્યની, હવે વિશ્વ ફલકે છે...
(ગુજરાતના પનોતા પુત્રને જન્મદિવસની શુભેચ્છા)

હાઈકુ

આભાર રેવા !
કરી પરમ કૃપા -
નમાવી દેવી...

જય-વિજય,
ગરવી ગુજરાત -
કરૂં વંદન...

ચિંતન

આધ્યાત્મિકકાદિ યદુ:ખં પ્રાપ્તં પ્રારબ્ધવેગત્: ।
અચિન્તયા તત્સહનં તિતિક્ષેતિ નિગદ્યતે ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ ચે.

પ્રારબ્ધના વેગથી આધ્યાત્મિકત વગેરે જે દુ:ખ પ્રાપ્ત થયું હોય, તેને વિચાર કર્યા વિના સહન કરવું તેને 'તિતિક્ષા' કહે છે.

પાપ કે પુણ્યના ફળ સ્વરુપ પ્રારબ્ધ નક્કી થાય છે અને પ્રારબ્ધમાં સુખ-દુ:ખ-તંદુરસ્તી-રોગ-પીડા મળે છે. આથી આ બધાનાં મૂળમાં આપણાં કર્મો જ છે તેથી તેના પરિણામો મળતાં તટસ્થ રહી સુખ-દુખ શાંતિથી સહન કરવાં જોઈએ - 'હાય-વોય' કે ઉહાપોહ ન કરવો.

સુવિચાર

- તમારા ખિસ્સાના ખૂણામાં કાણું હોય તો એને પૈસાથી ભરી દેવાનો કશો અર્થ નથી - **જ્યોર્જ એલિયટ**
- તમારી મોટાભાગની વાતચીતમાં વિચારોની અડધી હત્યા થાય છે - **ખલીલ જિબ્રાન**
- 'જીવન' એ તો જાહેરમાં વાયોલિન વગાડવા જેવું કાર્ય છે અને એ વગાડતાં વગાડતાં જ વાજિંત્ર આવડી જાય છે - **બેરન**
- સબકા ખુશી સે ફાંસલા બસ દો કદમ હૈ,
  હર ઘર મેં બસ, એક હી કમરા કમ હૈ - **જાવેદ અખ્તર**
- જિંદગી કેવી અજીબ થઈ ગઈ છે...
  ખુશ દેખાવું ખુશ હોવાથી વધારે જરૂરી થઈ ગયું છે - **અખંડ આનંદ**
- જીવનમાં જેટલા પણ દ્વંદ્વ આવે તેને સહન કરવાની જેને ફાવટ આવી જાય તે તપસ્વી છે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : પાઈલ્સની તકલીભમાં દહીંમાં કાળા તલ પીસીને દિવસમાં ત્રણ વાર સેવન કરવાથી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રામકૃષ્ણ પરમહંસ દક્ષિણેશ્વર મંદિરમાં માતાની ભક્તિમાં હતા ત્યારે એક માણસે આવી નમન કરી પ્રશ્ન પૂછ્યો. 'બાબા, સાધુ એટલે કોણ ? સાચા સાધુની વ્યાખ્યા કહો.' રામકૃષ્ણે તેને પગથી માથા સુધી જોયો અને એમને થયું કે આ જ પ્રશ્ન એણે ઘણા બધા લોકોને પૂછ્યો હશે આથી પરમહંસે સામેથી એને પૂછ્યું, 'ભાઈ, તું જ મને કહે, તારે મન સાધુ એટલે કોણ?' પેલો જરાક મુંઝાયો પણ બોલ્યો, 'મહારાજ મને લાગે છે કે જે મળે તે સ્વીકારવું, રોટલો મળે તો ખાઈ લેવો અને ન મળે તો અફસોસ ન કરવો એ સાધુની વ્યાખ્યા.' રામકૃષ્ણે દલીલ કરતા કહ્યું, 'અરે ભાઈ, આ તો કૂતરાંનો સ્વભાવ થયો, રોટલો મળે તો ખાઈ લેવો ન મળે તો કાંઈ નહીં, ભૂખ્યા રખડવું, સાધુની વ્યાખ્યા આ ન હોય, તમારું જ્ઞાન અપૂરતું છે.' પેલો માણસ કહે, 'બાબાજી આપ જ સમજાવો કે સાચો સાધુ કોણ? રામકૃષ્ણ પરમહંશ બોલ્યા, 'સાંભળ, સાધુ એટલે યારે રોટલો મળે તો વહેંચીને ખાવો, એથી વધીને રોટલો મળે તો પણ ભૂખ્યા રહી બીજાને ખવડાવવો અને રોટલો ન જ મળે તો ભગવાનનો આભાર માનવો કે આજે તેં મને તપ કરવાનો અવસર આપ્યો અને પ્રભુભક્તિમાં લીન રહેવું.' પેલો માણસ સાચા સાધુની વ્યાખ્યા સમજી પરમ સાધુ પરમહંસની ચરણવંદના કરી.

વડાપ્રધાનનો રામમંદિર મુદ્દે ન્યાયિક અભિગમ

તંત્રીસ્થાનેથી...

વર્ષોથી ચાલી રહેલા રામજન્મભૂમિ વિવાદ સંદર્ભે સુપ્રીમ કોર્ટે બેઉ પક્ષોની દલીલો સાંભળી રહી છે. મુખ્ય ન્યાયમૂર્તિ ગોગોઈ નિવૃત્ત થઈ જાય એ પહેલાં બેન્ચ એનો ચુકાદો આપવા કૃતસંકલ્પ છે કારણ કે જો આ બેન્ચ ત્યાં સુધીમાં ચુકાદો ન આપી શકે તો વળી વધુ એક બેન્ચ નીમવાની જરૂર પડે. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ નિવૃત્ત થતાંની સાથે એમની અધ્યક્ષતા વાળી બેન્ચનું ઉઠમણું થઈ જાય. આથી કોર્ટે બેઉ પક્ષોને શક્ય એટલો વધુ સમય આપી સુનાવણી સમાપ્ત કરવા માગે છે. જરૂર પડ્યે રજાના શનિવારના દિવસોમાં પણ એ સુનાવણી કરવા તૈયાર છે. જેથી વર્ષોથી પડતર રહેલો અને સરકાર તેમજ પ્રજાને માટે શિરોવેદના બની રહેલો પ્રશ્ન ઉકેલાઈ જાય. સમાધાન માટે રચાયેલ વરિષ્ઠ મંડળની ભલામણો હવે સામસામી હોઈ એનો અર્થ નથી રહ્યો. બેઉ બલકે ત્રણે દાવેદારોને માન્ય હોય એવું સમાધાન શ્રીશ્રી રવિશંકરથી લઈ વરિષ્ઠિ મુસ્લિમ ન્યાયમૂર્તિના અધ્યક્ષપદવાળી મંડળી શોધી શકી નતી. બીજી તરફ દેશ આખામાં મોદી સરકારના પુનરાગમન સાથે હિંદુત્વનું પ્રચંડ મોજું ફરી વળ્યું છે, જેથી રોજના હિસાબે કોઈ ને કોઈ નેતા કે પાર્ટી પ્રવક્તા રામજન્મભૂમિની જગ્યાએ ભવ્ય રામમંદિર બાંધવાની શરુઆત થઈ જવી જોઈએ એવાં નિવેદનો કર્યે રાખે છે. આમાં ઉત્સાહી પ્રાદેશિક નેતાઓ અને હિંદુત્વવાદી સંગઠનો મોખરે છે. અગાઉ વિશ્વ હિંદુ પરિષદના તત્કાલીન આંતરરાષ્ટ્રીય મહામંત્રી ડૉ. પ્રવિણ તોગડિયા આવા ઉગ્ર નિવેદનો કરી સત્તાધારી ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા કરતા હત. મોદી મૌન ધારણ કરી એ મુદ્દે કશો જ અભિપ્રાય નહોતા આપતા. હવે જયારે તેઓ અઢળક બહુમતી સાથે બીજી વાર દિલ્હીના મયૂરાસન સંભાળી રહ્યા છે અને ચૂંટાયા પછીના સિત્તેર દિવસોમાં જ સિત્તેર વર્ષથી ચૂંથાતો જમ્મુ અને કાશ્મીરના ભારત સાથેનો બિનશરતી વિલયનો પ્રશ્ન ઉકેલી ચૂક્યા છે ત્યારે સ્વાભાવિક રીતે જ રામજન્મભૂમિ વિવાદને હવા આપવાની તક ઝૂંટવી લેવા હિંદુત્વવાદીઓ બુલંદ અવાજે પોતાની માગ દોહરાવી રહ્યા છે. મહારાષ્ટ્રમાં શિવસેના એ ભારતીય જનતા પાર્ટીની સમાન વિચારસરણી વાળી પાર્ટી છે. એના સર્વોચ્ચ નેતા ઉદ્ધવ ઠાકરેએ અગાઉ વારંવાર મોદીના વિકાસ મોડલ વિશે તેમ જ રામજન્મભૂમિ સહિતના મુદ્દાઓ પર વડાપ્રધાનની ઉગ્ર ટીકા કરેલી છે. હવે જયારે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીનાં પડઘમ વાગી રહ્યાં છે ત્યારે એમણે મોદીજીના શાસનકાળમાં જ રામજન્મભૂમિ પર ભવ્ય મંદિર બનાવવા અંગેનું કરેલું નિવેદન નાશિકની રેલીમાં મોદી માટે હોઠવગું હથિયાર બની રહ્યું છે અને મોદીએ આવા નિવેદનશૂરા નેતાઓને ન્યાયપાલિકાની મર્યાદા જાળવવાની શિખામણ આપવાની તક ઝડપી લીધી. આનું નામ જ સમયસૂચકતા. સુપ્રીમ કોર્ટને અવગણી સીધો જ સંસદમાં નિર્ણય કરવાનો આગ્રહ રાખતા હિંદુત્વવાદીઓને મોદીનો આ ન્યાયિક તમાચો છે. મોદી ન્યાયપાલિકાનો આદર કરે છે એવો મેસેજ છેક 'હાઉડી મોદી' વાળી રેલી સુધી પહોંચી ગયો!

અપુન કુત્તે કી વો દુમ હૈ જો બારહ બરસ નલ્લી મેં ડાલ કે રખો... નલ્લી ટેઢી હો જાયેગી... અપુન સીધા નહીં હોગા...

અપુન કુત્તે કી વો દુમ હૈ જો બારહ બરસ નલ્લી મેં ડાલ કે રખો... નલ્લી ટેઢી હો જાયેગી... અપુન સીધા નહીં હોગા...

- લાવારિસ

ડાયલોગથી દેવભાષા
ડૉ. જય ઓઝા

૧૯૮૧ની બ્લોકબસ્ટર ફિલ્મ 'લાવારિસ' પ્રકાશ મહેરા દિગ્દર્શિત સફળતમ ફિલ્મ હતી. આજે પણ 'મેરે અંગને મેં...' ગીત આવે અને આપણને અમિતાભ બચ્ચનની વેશભૂષા યાદ આવી જાય છે.

અમિતાભ બચ્ચન, ઝીનત અમાન, અમજદ ખાન, સુરેશ ઓબેરોય, રણજીત જેવા કલાકારો આ ફિલ્મના જમાપાસા સમાન હતા. કલ્યાણજી - આણંદજીનું કર્ણપ્રિય સંગીત અને અલકા યાજ્ઞિકને પહેલીવાર ફિલ્મફેર બેસ્ટ ફિમેલ સીંગરનું નોમીનેશનલ અપાવનાર આ ફિલ્મ ૧૯૮૪ સુધીની સૌથી વધુ કમાણી કરનાર રેકોર્ડ ધરાવતી હતી. દરેક ટેરેટરીમાં બે કરોડ કમાનાર ફિલ્મ ૧૯૮૧ના સમયમાં - આ અદ્‌ભૂત રેકોર્ડ હતો.

પ્રસ્તુત ફિલ્મનો સંવાદ કાદરખાને લખ્યા હતા. આવો જ એક શ્લોક 'આભરણક શતક' માં મળી આવે છે.

બહુરક્ષિતશિક્ષિતનીચજનો ભજતિ નૈવ સન્માર્ગમ્ ।
પુચ્છમિવ શુનો નાલિકાધૃતમપિ સરલં યથા ન સ્યાત્ ॥

- આભરણકશતક

- નીચ વ્યક્તિ ખૂબ જ બચાવી બચાવીન રાખવા છતાં અને ખૂબ જ શીખ આપવા છતાં પણ સન્માર્ગનું આચરણ નથી કરતો, બિલકુલ તેવા કૂતરાની જેમ જેની પૂંછડી નળીમાં રાખવા છતાં પણ સીધી નથી થતી.

નીતિશતક શ્લોકનો સંગ્રહ કરતુ. આ શતક તેના કર્તા વિશે વિશેષ પ્રકાશ નથી પાડતું, પરંતુ ભર્તૃહરિના ત્રણ શતકની રચના પછી આવા જ થોડામાં ઘણું કહી દેવાની રીતવાળા, ગાગરમાં સાગર ભરાય તેવી અર્થસભર વાતો પીરસતા સાહિત્યનો વિપુલ ભંડાર સંસ્કૃત સાહિત્ય પાસે ઉપલબ્ધ છે.

વાસ્તવિક સાગરમાં તો મરજીવા રત્ન શોધવા ડૂબકી મારે તો ૧૦માંથી માંડ એકાદ વાર એકાદ મોતી હાથ લાગે છે, પરંતુ સંસ્કૃત સાહિત્યનો સુભાષિત સાગરમાં આપણે જેટલી વખત ડૂબકી મારીએ તેટલી વાર અઢળક મોતી-રત્ન સમાન શ્લોક મળતા નિશ્ચિત છે.

jayuoza@gmail.com
Mo.9898046488

પુસ્તક વિમોચન અને લોકાર્પણનો કાર્યક્રમ

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા સાહિત્યિક કાર્યક્રમો અંતર્ગત; વાર્તા, કાવ્ય અને એકાંદી પઠન તથા તે અંગેનાં પુસ્તકોની પ્રસિદ્ધિ અન્વયે, પ્રતિષ્ઠાનના ઉપક્રમે, લેખક-વાર્તાકાર કનુ અસામલીકરની બે વાર્તાસંગ્રહ (૧) સન્નિપાત (૨) અશ્રુપાત પ્રસિદ્ધ થયેલ છે, તેમનો ત્રીજાવાર્તા સંગ્રહ 'ટર્નિંગ પોઈન્ટ' અને તેઓ દ્વારા સંપાદિત ટૂંકી વાર્તા સંચય 'તાદાત્મય'ના વિમોચન અને લોકાર્પણનો સમારોહ તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ પ્રમુખ ડૉ. મોહન પરમારના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. આ સમારોહમાં નટુભાઈ પરમારે સૌનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મંચસ્થ મહેમાનો ડૉ. મોહન પરમાર, કિરીટ દુધાત, બિપીન પટેલ,ધર્માભાઈ શ્રીમાળી, યશવંત વાઘેલા, કલ્પેશ પટેલ અને કનુ અસામલીકરનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયા બાદ નટુભાઈ પરમારે મહેમાનોની ઓળખવિધિનાં કરી હતી. વાર્તાસંચય 'તાદાત્મય'નું વિમોચન કિરીટ દૂધાત દ્વારા કરવામાં આવ્યું અને તેમણે આ સંગ્રહની વાર્તાઓનું રસપાન પણ કરાવ્યું. જયારે ધર્માભાઈ શ્રીમાળીએ આ સંગ્રહ અંગે વકતવ્ય આપ્યું. બિપીન પટેલે વાર્તાસંગ્રહ 'ટર્નિંગ પોઈન્ટ'નું વિમોચન કરી, સંગર્હની વાર્તાઓની લાક્ષણિકતાઓ દર્શાવી, જયારે કલ્પેશ પટેલે આ સંગ્રહની વાર્તાઓનું રસપ્રદ વિવેચન કરતું વકતવ્ય આપ્યું. કનુ અસામલીકરે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં તેમની સર્જન પ્રક્રિયા તથા વાર્તાઓના ઉદ્‌ભવની વાતો કરી. ડૉ. મોહન પરમારે અધ્યક્ષીય પ્રવચન કર્યું. અને કનુભાઈ અસામલીકરે દલિત સાહિત્યને પ્રોત્સાહન અર્થે, આપેલ રૂા. એક લાખના દાનની જાહેરાત, અધ્યક્ષ મોહન પરમારે કરી અને કનુભાઈ અસામલીકરે આપેલ આ દાનની આવકમાંથી દરવર્ષે, દલિત સાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકમાં લેખકનું સન્માન કરવામાં આવશે તેમ જણાવ્યું. આ કાર્યક્રમનું સુપેરે સંચાલન, પ્રથમ નિલેશ કાથડ અને ત્યારબાદ પ્રા. યશવંત વાઘેલા દ્વારા કરવામાં આવ્યું. આભારવિધિ રમણ વાઘેલા દ્વારા કરવામાં આવી.

muljibhaidhadhi@gmail.com, Mo. 9824236893

કવિ દુલા ભાયા કાગની કાવ્યભોમમાં

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

કર્ણના કવચ કુંડળની જેમ ચારણ કવિઓને સર્જન શક્તિ સહજાત હતી. કવિતા એ તેમના લોહીમાં વણાયેલી બાબત હતી. કવિઓ તેમજ રાજવીઓના સંબંધોની પરંપરાની પણ એક ગરીમા હતી. ઉભય પક્ષે આદર તેમજ દ્રઢ વિશ્વાસને કારણે કેટલાક ગૌરવાન્વીત કરે તેવા પ્રસંગોની લાંબી યાદીથી મધ્યયુગનો ઇતિહાસ ભરાઇને પડેલો છે. રાજ્યો તેમજ રાજવીઓ સાથેના આ દીર્ઘકાલીન ઘરોબાના સંદર્ભમાં જોઇએ તો કવિ દુલા ભાયા કાગ તેનાથી જુદા પડતા દેખાય છે. નૂતન સૂર્યોદયનું દર્શન આ કવિને ઠીક ઠીક વહેલું થયું છે અને પરીણામે તેઓ રાજદરબારને બદલે લોક દરબારમાં જઇને અપાર આદર તેમજ પ્રતિષ્ઠા મેળવે છે. નૂતન યુગમાં પણ લોકવાણીનું મહત્વ અખંડ રહેવા સર્જાયેલું છે તેની પ્રતિતિ કવિ કાગે લોકના થોકમાં જઇને કરી. દુલેરાય કારાણીએ કવિ કાગ માટે લખ્યું :

કાગના વેશમાં આજ આ દેશમાં
માન સરવર તણો હંસ આવ્યો.
મધુર ટહુકારથી રાગ રણકારથી
ભલો તે સર્વને મન ભાયો.
લોકના થોકમાં લોકસાહિત્યની
મુક્ત કંઠે કરી મુક્ત લહાણી
શારદા માતનો મધુરો મોરલો
કાગ ટહુકી ગયો કાગવાણી.

લોકસમુહને આરાધ્ય માનીને મા શારદાની ઉપાસના કરનાર આ લોકકવિને લોકોએ પણ ભગતબાપુ તરીકે હૈયાના સિંહાસને બેસાર્યા. ભારત સરકારે પણ આ લોકકવિને પધ્મશ્રીનું સન્માન આપીને બીરદાવ્યા. મોટા ગજાના આ લોકકવિની કવિતાએ જગત અને જીવનના અનેક રંગો ઉજાગર કર્યા છે. મેઘાણીભાઇના મતે આ કવિની માફક ગાંધી જીવનની બારીક રેખાઓ અન્ય કોઇ કવિ પકડી શક્યા નથી. હરિપુરા કોંગ્રેસ મહાસભામાં મહાત્મા ગાંધીની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધી વિચારના ભાવ ભગતબાપુએ ખૂબીપૂર્વક પોતે રજૂ કરેલ કવિતામાં ઉપસાવ્યા. તેમણે ગાયું :

ઢાળ ભાળીને સૌ દોડવા માંડે
ઢાળમાં નવ દોડનારો.
પોતે ચણેલામાં પોલ ભાળેતો
પાયામાંથી પાડનારો... ગાંધી મારો
સો સો વાતુનો જાણનારો.

પોતે કરેલા કોઇ કામની જગતે વ્યાપક પ્રશંસા કરી હોય તેમાં પણ સહેજે ક્ષતિ જણાય તો અનાસક્ત ભાવથી તેવા કામને આટોપી લેવાની ગાંધીની શક્તિનું સુરેખ દર્શન ભગતબાપુએ ઉપરની પંક્તિઓમાં કરાવ્યું છે. આ કાવ્ય કોંગ્રેસની મહાસભામાં બરાબર ઝીલાયું અને પારાવાર લોકસ્વીકૃતિ પણ પામ્યું.

બ્રિટીશ સત્તાના પ્રખર તાપમાં ગાંધી પ્રતાપે જન જાગૃતિ તો થઇ પરંતુ આ સ્થિતિમાં પણ કેટલાક રાજવીઓ પોતાનો એશ આરામ જાળવવા જાગૃત થયા નહિ. પુત્ર સમ રૈયતના કલ્યાણના ભોગે તેઓ બ્રિટીશ હાકેમોની કૃપાદ્રષ્ટિ મેળવવાના ચક્કરમાં પડ્યા. રાજવીઓના આ વલણ સામે પ્રખર વિરોધનો શંખ અમૃતલાલ શેઠ જેવા લોકોએ રાણપુરથી અખબાર પ્રસિધ્ધ કરીને ફૂંક્યો. ભગતબાપુ પણ આ સ્થિતિ અનુભવી શક્યા અને રાજવીઓને ચેતવણી આપવાનો પોતાનો યુગધર્મ નિડરતાથી બજાવ્યો. રાજપૂતોને ઉદ્દેશીને તેમણે અર્થપૂર્ણ તેમજ ધારદાર શબ્દો લખ્યા :

નાવ મધસાગરે આજ રજપૂતનું
તો ય રજપૂત હા ! લેર કરતો
દેશ જેનો ગયો વેશ જેનો ગયો
પણ હજી મૂછ પર હાથ ધરતો
ખમીર ખૂટી ગયું જોર જાતું રહ્યું
ફક્ત વાતુ રિયું ભાંગ પીધી
ઘેન એના ચડ્યા ભાન ભૂલી ગયો
લક્ષ્મી પરદેશીએ લૂંટી લીધી.

ગાંધી સાથેજ નૂતન યુગની આ ભાતીગળ ઉષાના આગમનમાં કવિએ વિનોબા વિચાર પણ ઉત્કટતાથી ઝીલ્યો. રવિશંકર મહારાજને પોતાના આરાધ્ય ગણ્યા. વિનોબાજીને 'દેશ દખણના બાવા' તરીકે ઓળખાવીને કવિએ સર્વોદયની દીપશીખામાં તેલ સિંચ્યું.

થંભી જાજો હો તરવારીઆ !
કાં તરવારો સજાવો ?
તેગ તોપને ખાંડો ખાંડણીએ
દાતરડાં નિપજાવો... અલેકીઓ
માંગવા આવ્યો રે... દેશ દખણનો બાવો.

ભગતબાપુ એવા વિરલ ચારણ કવિ હતા જે ભૂતકાળ ઉપરાંત વર્તમાનની નાડી હાથમાં લઇ તેને પારખી શક્યા. કવિશ્રીને નૂતન યુગના અજોડ એવા ગાંધીના ખેપીયા રવિશંકર મહારાજના સંસર્ગથી તો ભૂદાન યજ્ઞના હૈયે ઉમળકા ઉઠવા માંડ્યા.

રવિશંકરકી મુરલી કો, રુચિર સુન્યો જબ રાગ
હૂલસ્યો હિય ભૂદાનમેં રીઝ્યો કાગ સુનાગ.

ચારણો દેવીપુત્રો કહેવાતા હોવાથી જગદંબા તરફનો સવિશેષ આદર તેમની કાવ્યધારામાં સાતત્યપૂર્ણ રીતે જોવા મળે છે. શ્રધ્ધેય જગજનની પ્રત્યેની ઉપાસનામાં કવિને માના વિશાળ તથા સર્વવ્યાપી સ્વરૂપના આબેહૂબ દર્શન થાય છે. સૂર્ય – ચન્દ્ર – તારક ગણ સહિતની સમગ્ર સૃષ્ટિ કવિ કાગને પણ જગત જનની માના સ્વરૂપમાં જોવા મળી છે.

પ્રભા ભાનુમેં માત તોરી પ્રકાશે
લખી ઉગ્રતા ઓઘ અંધાર નાસે
તુંહી ચન્દ્રીકા રૂપ આભે હસંતી
ધરી ઓઢણી શ્વેત વ્યોમે વસંતી
તુંહી વાદળા ખ્હાડ માથે પછાડે
સરીતા બની ઘૂઘવે ઘોર ત્રાડે
અષાઢે સુનીલાંબર અંગ ઓઢી
તુંહી જાણીએ પાણીઆ સેજ પોઢી.

દુલા ભગતની કાવ્યભોમમાં જે ફૂલડા ખીલ્યાં અને મહોર્યા છે તેમાં રામકૃપાના તાગથી ગૂંથાયેલા શબ્દો છે. પરંતુ કવિ તો કર્મયજ્ઞના સમર્થક છે તેથી આ પુષ્પોમાં કરણીની સુવાસ નજરે ચડે છે.

રંગેરંગના ફૂલડાં એમાં રામચરીતનો તાગ જી
ખીલે શબદના ફૂલડાં એમાં કરણીની સુવાસ..
ભાઇ ! તારો બહેકે ફુલડાંનો બાગ જી.

ચારણ કવિઓની ભાતીગળ કાવ્ય પરંપરાને સમાજે આદર સહ સ્વીકારી છે. તેમની રચનાઓ મનોરંજક કરતા વિશેષ પથદર્શક રહી છે. આવી ઐતિહાસિક પરંપરાના એક મજબૂત મણકા સમાન કવિ દુલા ભાયા કાગના જીવન તથા કવનને ગણાવી શકાય. ભગતબાપુના કાવ્યોમાં ગાંધી ગરીમાનું દર્શન તેમજ સામાજિક પ્રવાહના વિવિધ પાસાઓનું ભાતીગળ મીશ્રણ જોવા મળે છે. પ્રકૃતિ તથા પરમતત્વના આજીવન ઉપાસક કવિ કાગ સાહીત્ય રસીકોના દિલમાં ચિરંજીવી સ્થાન ધરાવે છે. કવિ કાગની સ્મૃતિમાં દર વર્ષે '' કાગના ફળિયે કાગની વાતુ '' નામનો સુંદર ઉપક્રમ કવિના વતનમાં યોજવામાં આવે છે. પૂજ્ય મોરારીબાપુની નિયમિત હાજરી તથા હૂંફથી આ કાર્યક્રમની એક વિશેષ ગરીમા પ્રસ્થાપિત થઇ છે.

ગાંધીજીએ 'ના-કર' આંદોલન કર્યું પણ અંગ્રેજોએ ધરપકડ 'ના કરી'

ગાંધી ૧૦૦
ડૉ. રાજેન્દ્ર જાની

દાંડીના કિનારે ગાંધીજીએ ચપટી મીઠું ઉપાડીને બ્રિટીશ સલ્તનતના પાયામાં લૂણો લગાડ્યો. પણ અંગ્રેજ સરકારે બાપુની ધરપકડ ના કરી. અંગ્રેજોએ એવી રણનીતિ અપનાવી હતી કે ગાંધીજીની સાથેના મોટા અને નાના તમામ શ્રેણીના નેતાઓ - કાર્યકરો અને સામાન્ય પ્રજાની ધરપકડ કરવી પણ ગાંધીની ના કરવી. એ રીતે અંગ્રેજો ગાંધીની તાકાતને તોડવાનો પેંતરો રચ્યો હતો. છઠ્ઠી એપ્રિલ પણ ગાંધીજીને પકડ્યા નહીં અને એ પછી પણ ઘણા દિવસો ગાંધીજીને પકડથી મુક્ત જ રાખવામાં આવ્યા.

ગાંધીજીની સંમતિથી બારડોલીથી તેમના પુત્ર રામદાસ ગાંધી ૩૧૯ સૈનિકો સાથ મીઠા કર સામે કુચ લઈને ગયા ત્યારે તે બધાની પણ ધરપકડ થઈ. રામદાસ સાથે બીજા ચાર સૈનિકોને છ મહિનાની સજા પણ કરવામાં આવી હતી.

મીઠા કરનો વિરોધ કર્યા પછી ગાંધીજી જે વિસ્તારમાં રહ્યા હતા એવા દાંડી પંથકમાં તો ખરી જ પણ દેશના વિવિધ પ્રદેશોમાં સામૂહિક રીતે શાંત અને અહિંસક વિરોધ શરૂ કરી દીધો હતો. ગાંધીજી પણ બેસી રહ્યા ન હતા. તેમણે દસ દિવસના ટૂંકા સમયમાં આટ, ભીમરાડ, ઉંબેર, બુડીયા, પીંજરત, કરાડી, મટવાડ, સુરત, ઉંટડી વગેરે ગામોની મુલાકાત લઈને આખો પ્રજા ગામોની મુલાકાત લઈને આખો પ્રજા સમૂહ કાયદા ભંગના કાર્યક્રમોમાં લાગી જાય એ માટે માર્ગદર્શન કર્યું હતું.

જેના પરિણામે 'ના-કર' લડતને વધુ વેગ મળ્યો. ગાંધીજીના એક જ સ્થાન, સ્થળના વિરોધનો દેશભરમાં પડઘો પડ્યો. જયાં જયાં મીઠાના અગરો ન હતા ત્યાં ત્યાં જે અમાનૂષી કાયદાઓ અંગ્રેજોએ લાધ્યા હતા તેની સામે પ્રચંડ વિરોધ પ્રદર્શનો થવા માંડ્યા હતા.

દાંડી યાત્રામાં ગાંધીજીએ ચોક્કસ કારણોને લઈને

દારૂ-તાડી અને વિદેશી કાપડની દુકાનોની ચોકી મહિલાઓને સોંપી

મહિલાઓને કૂચ સૈનિક તરીકે સામેલ કર્યા ન હતા. કોઈ પણ મહિલા નહીં ખુદ ગાંધીના જીવનસાથી કસ્તૂરબા પણ નહીં. આ અંગે ગાંધીજીના વિચાર સમજ્યા વગર અનેક લોકોએ વખતોવખત વિરોધ કર્યો હતો. અને આજે પણ ગાંધી જો મહિલા-પુરુષની સમાનતાના હામી હતા તો કેમ મહિલાઓને સૈનિક તરીકે સામેલ કરી ન હતી. એવા સવાલો કરે છે. પરંતુ આ સવાલો ટીકાકારોની ઓછી સમજણ હોવાના કારણે છે. મહિલાઓને સામેલ ન કરી પરંતુ એક કૂચના બદલે ગાંધી સ્વરાજના આંદોલન સંપૂર્ણ સક્રીયતાથી જોડાઈ જાય એના પ્રયાસો કરે છે.

કાયદા ભંગ કર્યાના બરાબર અઠવાડિયા પછી ગાંધીજીએ ૧૩મી એપ્રિલે દાંડીમાં ગુજરાતની સ્ત્રી પરિષદની બેઠક આયોજિત કરે છે. આ પરિષદમાં મહિલાઓ પહોંચી ના શકે એ માટે સરકારે બસ સેવા બંધ કરાવી દીધી હતી. એટલે પરિષદમાં હાજરી આપવા ઉત્સાહી અનેક બહેનો ઉપસ્થિત રહી શકી ન હતી. પરંતુ સુરત જિલ્લાની અનેક બહેનો પગપાળા દાંડી પહોંચી ગઈ હતી. ગાંધી અને તેમના સાથીઓ પગપાળા દાંડી કૂચ લઈને પહોંચ્યા હતા એમ આ મહિલાઓ હરખભેર પહોંચી ગયા હતા. ગાંધીજીએ આ મહિલાઓને દારૂ-તાડીના પીઠાંઓ ઉપર અને વિદેશી કાપડની દુકાનો ઉપર ચોકી કરવાનું કામ સોંપ્યું હતું.

એ પછી ગાંધીજીએ ૧૬મી એપ્રિલે વિજલપોરમાં ફરીવાર સ્ત્રી પરિષદ બોલાવી હતી. જેમાં બહુ મોટી સંખ્યામાં મહિલાઓએ ઉપસ્થિત રહીને ચોકીના કામ સ્વેચ્છાએ ઉપાડી લીધા હતા. સૂરત જિલ્લાના કામની જવાબદારી કસ્તૂરબા અને મીઠુબેન પિટીટને સોંપવામાં આવી હતી. જેમણે સ્ત્રી સ્વરાજ સંઘ સ્થાપીને તેમાં બારસો બહેનોની સ્વયંસેવક તરીકે ભરતી કરી હતી.આ સ્વયંસેવક બહેનોએ આખા જિલ્લામાં ગામ હોય કે શહેર હોય ઠેકઠેકાણે છાવણીઓ નાંખીને દારૂ તાડીના પીઠાઓ તથા વિદેશી કાપડની દુકાનો ઉપર ચોકી કરવાનું શરૂ કરી દીધું હતું. એ પછી ગાંધીજીએ કરાડીથી સુરત અને નવસારી જિલ્લાના વિવિદ ગામોમાં જઈને સ્થાનિક વિભાગના અગ્રણીઓ અને જુદી જુદી જ્ઞાતિઓના પંચોને મળીને તેમના સંસ્થા-સંગઠન દ્વારા દારૂ-તાડી વિદેશી કાપડની દુકાનોની ચોકીને સંગીન બનાવી હતી.

આ રીતે ગાંધીજીએ સરકાર જો તેમની ધરપકડ ના કરવા માગતી હોય અને પોતાના સાથીઓની ધરપકડ કરીને જો પોતાની પાંખ કાપી નાંખવાનો વ્યૂહ અપનાવતી હોય તો ગાંધીએ આ રીતે 'સ્વરાજય આંદોલન'માં અનેક લોકોને જોડી દેવાના કાર્યક્રમો શરૂ કરી દીધા. ખાસ કરીને મહિલાઓને ઘરની બહાર લાવીને સામાન્ય રીતે જ રક્ષણ હેઠળ જીવતી હતી એવી સ્ત્રીઓને રક્ષક-સુરક્ષક-ચોકિયાતની જવાબદારી સોંપીને સ્ત્રી-સમાનતાની એક નવી મિસાલ પુરી પાડી હતી. અને પોતાની પાંખ વધુ વિસ્તારી દીધી હતી.